# HQ-517 Seat No.________

## M. A. (Sem. IV) Examination
### March / April - 2015
### Gujarati : Paper - CC - 403
### (સમીક્ષા - અપઠિત)

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્ન સમાન ગુણનો છે.

૧ કોઈપણ એક વિષય પર આશરે ૩૦૦ શબ્દોમાં નિબંધ લખો.

(૧) મારી માતૃભાષા : દશા અને દિશા

(૨) કુદરત, તું આટલી ક્રૂર !

(૩) સ્વચ્છતા અભિયાન

(૪) ભારતની સળગતી સમસ્યાઓ.

૨ કોઈપણ એક વિષય પર આશરે ૩૦૦ શબ્દોમાં નિબંધ લખો.

(૧) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

(૨) ગુજરાતી સાહિત્ય પર ગાંધી પ્રભાવ

(૩) મારી પ્રિય સાહિત્યકૃતિ

(૪) ગુજરાતી વિવેચન પ્રવાહ.

૩ નીચે આપેલા કાવ્યનો રસલક્ષી આસ્વાદ કરાવો.

એ રીતે ગૂંથાઈ શ્વાસોની કડીમાં બા;
હું સતત પહેરી શકું છું ચામડીમાં બા.

એ જ અચરજ, હોય છે ક્યાં ચાખડીમાં બા ?
ખૂબ અથડાઈ છે બાધા-આખડીમાં બા.

બાની પૂંજી બાપુજી સમજી શક્યો છું, પણ,
હું કદી જોઈ શક્યો ના ચૂંદડીમાં બા.

એ પછી એકેય અક્ષર ક્યાં લખાયો છે ?
મેં જરા શીખી લીધી બારાખડીમાં બા.

ઘાટ આ મારો ઘડાયો એ જ કારણથી,
રોજ વ્હેરાયા કરી છે શારડીમાં બા.

- અશોક ચાવડા 'બેદિલ'

અથવા

અભાવ

ગયો'તો હું મારે વતનઘર પાછો ઘણું કરી
પિતાજીની લાંબી સફર પછી થોડાંક વરસે :
હજી કૂવા માથે કિચૂડ રવ ચીખે ગરગડી
અને ભાગોળેથી ધણ પણ વળે છે સીમ ભણી.

હજીયે શેરીમાં લઘુક શિશુઓ ધૂલિસભર
રમે છે ભેળા થૈ ઘરઘર તણી બાળ રમતો,
ગલીમાં ઊભાં છે ખખડધજ એવાં જ ધૂળિયાં
મકાનો, સામે કૈંક પરિચિત આંખોય મળતી.

અને માતા મારી નજર ઘરડી માંડી સૂપડે
હજીયે બેસીને દયણું કરતી ઓસરી મહીં !
કહી : 'કાકા આવ્યા' વળગી પડતાં બાળક ઘરે -
જતાં ભાઈનાં. છે જીવનક્રમ એવો જ અતૂટ

બધું રાબેતા મુજબ, પણ નથી માત્ર ઘરમાં
હવે 'આવ્યો કે ભૈ!' સ્વર જનકકંઠેથી સરતો!

**- લાલજી કાનપરિયા**

૪ નીચે આપેલા પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો.

In the art of sculpture the material basis is the stone or metal which is chiselled or moulded by various processes into the forms of animate or inanimate objects. The sculpture has all the attributes of reality except movement at his disposal, for his work possesses solidity, form, and, if he chooses, colour, just as much as the real persons or objects which he represents. It is only, therefore, when he represents persons in motion that he needs to employ any artifice to beguile the eye of the spectator. But the absence of this attribute of movement forms a natural limit to the field of external, reality which he is free to represent, and, as a result of this limit, the special and most appropriate subjects of the art of sculpture are separate figures, or separate busts, or small groups of figures all alike in response.

અથવા

In nearly all large towns, and especially in the capitals cities of civilized nations, there are collections of statues, pictures, and books. Even in the streets we see the forms of men and women, wrought in marbles or cast on bronze, placed high upon pedestals to meet the gaze of every one who may pass by them. In nearly every house there are pictures upon the walls and vases or other ornaments arranged upon shelves and books lying on the table; and in large houses there are whole chambers set apart solely for collections of pictures and statuary or lined with rows of books. The mere existence of these objects shows us that art is an element in the life of civilized man, for we should not care to surround ourselves with such things unless we wished our minds to be sometimes occupied both with them and with the thoughts which they suggest.

૫ નીચેની કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો.

નથી એક માનવી પાસે બીજો માનવ હજી પહોંચ્યો,
'અનીલ', મેં સાંભળ્યું છે, ક્યારનો બંધાય છે રસ્તો.

અથવા

૫ નીચેની ગદ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો.

'અવગમન નહીં તો સાહિત્ય નહીં.'

---